# શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી,વેરાવળ
# ૭૬મી એક્ઝીક્યુટીવ કાઉન્સિલની તા.૧૯/૦૭/૨૦૨૧નાં રોજ ગાંધીનગર, સર્કીટ હાઉસ ખાતે યોજાયેલ બેઠકની કાર્યનોંધ

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, વેરાવળ દ્વારા એક્ઝીક્યુટીવ કાઉન્સીલની ૭૬મી બેઠકનું તા.૧૯/૦૭/૨૦૨૧ ના રોજ બપોરે ૧૧.૩૦ કલાકે ગાંધીનગર, સર્કીટ હાઉસ ખાતે આયોજન કરવામાં આવેલ હતું. આ બેઠકમાં નીચે મુજબનાં મહાનુભાવો ઉપસ્થિત રહેલા હતા.

1. માન.કુલપતિશ્રી – અધ્યક્ષશ્રી
2. ડૉ.કૃષ્ણપ્રસાદ નિરોલાજી
3. ડૉ. લલીતકુમાર એ. પટેલ
4. શ્રી જીતેન્દ્ર બ્રહ્મભટ્ટ
5. ડૉ. પંકજ ત્રિવેદી – (માત્ર મુદ્દા નંબર ૭૬.૦૪ માટે ઓનલાઈન ઉપસ્થિત)
6. ડૉ. આશાબેન માઢક
7. ડૉ. અર્જુનકુમાર શામલ
8. ડૉ. દશરથ જાદવ – સભ્ય સચિવ
9. ડૉ. કાર્તિક પંડયા – (એજન્ડા નંબર ૭૬.૦૪ પૂરતા સભ્ય સચિવ)

સૌ પ્રથમ માન.કુલપતિશ્રી દ્વારા ઉપસ્થિત મહાનુભાવોનું સ્વાગત કરવામાં આવ્યું. ત્યારબાદ કુલસચિવશ્રી દ્વારા માન.કુલપતિશ્રીની સૂચના અન્વયે એજન્ડા મુજબની કાર્યવાહી કરવામાં આવી.ચર્ચા-વિચારણાને અંતે સર્વાનુમતે નીચે મુજબના નિર્ણયો લેવામાં આવ્યા.

૭૬.૦૧ ગત એક્ઝીક્યુટીવ કાઉન્સીલ તા.૨૪/૦૬/૨૦૨૧ થી આજદિન સુધી કરેલ કામગીરીનો અહેવાલ.

ઠરાવ : યુનિવર્સિટી દ્વારા તા.૨૪/૦૬/૨૦૨૧ થી તા.૧૯/૦૭/૨૦૨૧ દિન સુધી કરેલ કામગીરીનો વિસ્તૃત અહેવાલ કુલસચિવ દ્વારા રજૂ કરવામાં આવ્યો. સૌ મહાનુભાવો દ્વારા કરવામાં આવેલ કામગીરીથી સંતોષ વ્યક્ત કરેલ અને યુનિવર્સિટી દ્વારા કરેલ કામગીરીને સર્વાનુમતે બહાલી આપવામાં આવી હતી.

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી વેરાવળ

૭૬.૨ તા.૧૨/૦૭/૨૦૨૧ના રોજની નાણા સમિતિની બેઠકની કાર્યનોંધને બહાલી આપવા અંગે.

ઠરાવ : તા.૧૨/૦૭/૨૦૨૧ ના રોજની નાણા સમિતિની બેઠકની કાર્યનોંધને કુલસચિવ દ્વારા રજૂ કરવામાં આવી તેમજ સદર બેઠકમાં લેવાયેલ નિર્ણયને સર્વાનુમતે બહાલી આપવામાં આવી વધુમાં યુનિવર્સિટી દ્વારા સ્વનિર્ભર ધોરણે ચાલતા વિવિધ શોર્ટ ટર્મ કોર્ષનાં સમગ્ર સંચાલન અને પરીક્ષાના પૂર્વ આયોજન માટે કરવાની થતી કામગીરીના ભાગરૂપે કોર્ષ કો-ઓર્ડીનેટરશ્રીને હવે પછીથી એક શોર્ટ ટર્મ કોર્ષ દીઠ ૧૦૦૦/- રૂા. પુરસ્કાર ચૂકવવો તેમ સર્વાનુમતે નક્કી કરવામાં આવ્યું.

૭૬.03 તા.15/07/2021 ના રોજની એકેડેમિક કાઉન્સીલની બેઠકની કાર્યનોધને બહાલી આપવા અંગે.

ઠરાવ : તા.૧૫/૦૭/૨૦૨૧ ના રોજ ઓનલાઈન વેબેક્ષના માધ્યમથી યોજાયેલ એકડેમિક કાઉન્સીલની બેઠકની કાર્યનોંધને કુલસચિવ દ્વારા રજૂ કરવામાં આવી જેમાં સર્વાનુમતે લેવાયેલા નિર્ણયને બહાલી આપવામાં આવી તેમજ એકલવ્ય સંસ્કૃત એકેડમી, અમદાવાદ તરફથી આવેલા ઓડિટ રિપોર્ટને ધ્યાને લઈ ડિપ્લોમા ઈન સંસ્કૃત ટીચીંગ કોર્ષ જે સંસ્થામાં સ્વનિર્ભર ધોરણે ચલાવવામાં આવતો હોય તેવી સંસ્થામાં ચાલુ શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૧થી પ્રતિ વિદ્યાર્થી દીઠ ૯૦૦૦/- ફી લેવી તથા સરકારશ્રી તરફથી ગ્રાન્ટ મેળવતી સંસ્થા (ગ્રાન્ટ ઈન એઈડ) માટે સદર કોર્ષની ફી ૧૫૦૦/- રૂપિયા રહેશે તેમ સર્વાનુમતે નક્કી કરવામાં આવ્યું તથા સ્વનિર્ભર ધોરણે ડિપ્લોમા ઈન સંસ્કૃત ટીચીંગ કોર્ષ માટે જે પ્રતિ વિદ્યાર્થી દીઠ ૯૦૦૦/- ફીનું ધોરણ નક્કી કરવામાં આવેલ તેમજ તે સંસ્થા પાસેથી પ્રતિવર્ષ આઉટપુટ રિપોર્ટ મેળવવો તેમ સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

૭૬.૦૪ ડૉ.રમેશચન્દ્ર શુક્લ પ્રકરણ અંગે તપાસ સમિતિનો મળેલ અહેવાલ ખોલવા તથા તેના આધારે નિર્ણય લેવા અંગે.

ઠરાવ : ડૉ.રમેશચન્દ્ર શુક્લ પ્રકરણ અંગે તપાસ સમિતિનો બંધ કવરમાં મળેલ અહેવાલ ખોલવા તથા તેના આધારે નિર્ણય લેવા અંગે યુનિવર્સિટીના આ બાબત માટેના સભ્ય સચિવ ડૅા.કાર્તિકભાઈ પંડયાને કામગીરી સોંપવામાં આવતા તેઓ તરફથી મળેલ કાર્યનોંધની વિગતનો શબ્દશ: અહેવાલ નીચે મુજબ છે.

૭૬.૦૪ - માન. કુલસચિવશ્રીએ મને આપેલ પત્રાનુસાર આ ચર્ચા-વિચારણા પહેલા મીટિંગમાથી માન. કુલપતિશ્રી, માન. કુલસચિવશ્રી તથા ડૉ. લલિતકુમાર એ. પટેલ બહાર નીકળી ગયેલ હતા. ત્યારબાદ, પૂરા પ્રકરણ અંગે જેટલી વિગતો ઇ.સી.ના માન. સભ્યશ્રીઓ જાણવા માંગતા હતાં તે સભ્યસચિવ દ્વારા આપવામાં આવેલ હતી.

વેરાવળ

(૧) આસિ. પ્રોફેસર ડૉ. રમેશચંદ્ર શુક્લ પ્રકરણમાં આ એક્ઝિક્યુટિવ કાઉન્સિલના ઠરાવ નં. ૭૧.૧૬, તા. ૦૨/૧૨/૨૦૨૦ તથા ઠરાવ નં. ૭૨.૦૭, તા. ૦૨/૦૧/૨૦૨૧ના અનુસંધાનમાં યુનિવર્સિટીના પત્ર ક્રમાંક સસયુ / મહેકમ / ૦૪૦૬ / ૨૦૨૧, તા. ૦૨/૦૩/૨૦૨૧થી ડૉ. એચ. એન. ખેર, પૂર્વ કુલપતિ, ગોકુલ ગ્લોબલ યુનિવર્સિટી, સિધ્ધપુરની તપાસ અધિકારી તરીકે અત્રેની યુનિવર્સિટીના આસિ. પ્રોફેસર ડૉ. રમેશચંદ્ર શુક્લ સામે તપાસ કરવા માટે નિમણૂક કરાયેલ.

(૨) તેઓશ્રીએ તેમનો તપાસ રિપોર્ટ તા. ૦૫/૦૭/૨૦૨૧, બંધ કવરમાં તપાસ રેકર્ડ સહિત યુનિવર્સિટીને સોંપેલ જે આજ રોજ અત્રેની એક્ઝિક્યુટીવ કાઉન્સિલ સમક્ષ ઘટતી કાર્યવાહી અર્થે રજિસ્ટ્રારશ્રી દ્વારા રજૂ કરી સભ્યશ્રીઓનું ધ્યાન દોરવામાં આવેલ.

(૩) રજિસ્ટ્રારશ્રીએ જણાવ્યુ કે ડૉ. રમેશચંદ્ર શુકલ સામેની તપાસ સમિતિની વિષય વસ્તુ, અત્રેની યુનિવર્સિટીના મા. કુલપતિશ્રી પ્રો. ગોપબન્ધુ મિશ્ર સાહેબ તથા કુલસચિવશ્રી ડૉ. દશરથ જાદવ તથા એક્ઝિક્યુટીવ કાઉન્સિલના સભ્યશ્રી ડૉ. લલિતભાઈ પટેલ અને એકેડમિક કાઉન્સિલના સભ્યશ્રી જયશંકર રાવલ ઉપર ખોટા આક્ષેપો કરી કરેલ ગેરવર્તણૂકની બાબત હતી.

તેઓશ્રીએ જણાવ્યુ કે તે સંજોગોમાં હવે જ્યારે ખાતાકીય તપાસનો અહેવાલ બંધ કવરમાં એક્ઝિક્યુટીવ કાઉન્સિલ સમક્ષ રજૂ થયેલ છે અને તે ખોલી તેમાં જણાવેલ વિગતોને ધ્યાને લઈ એક્ઝિક્યુટીવ કાઉન્સિલના માનનીય સભ્યશ્રીઓએ ઘટતો નિર્ણય કરવાનો છે ત્યારે, મા. કુલપતિશ્રી, કુલસચિવશ્રી તથા એક્ઝિક્યુટીવ કાઉન્સિલના સભ્યશ્રી ડૉ. લલિતભાઈ પટેલ, એક્ઝિક્યુટીવ કાઉન્સિલની તે બાબતે શરૂ થતી કાર્યવાહી વખતે જો હાજર રહે તો તે કાયદેસર ગણાય નહિ તેથી ડૉ. રમેશચંદ્ર શુકલ બાબતે તપાસ અધિકારીશ્રીના બંધ કવરમાં આવેલ રિપોર્ટ પરની કાર્યવાહી હાથ પર લેવામાં આવે તે પહેલા મા. કુલપતિશ્રી, કુલસચિવશ્રી તથા ડૉ. લલિતભાઈ પટેલ એક્ઝિક્યુટીવ કાઉન્સિલની આ સભા છોડી સભાથી અળગા થઈ ગયેલ.

(૪) મા. કુલપતિશ્રી એક્ઝિક્યુટીવ કાઉન્સિલના ચેરમેન હોય છે. તેઓ સભા છોડી ગયેલ હોવાથી તેમની જગ્યાએ એક્ઝિક્યુટીવ કાઉન્સિલના હાજર સભ્યોએ તેમનામાંથી ડૉ. કૃષ્ણપ્રસાદ નિરૌલાજીને એક્ઝિક્યુટીવ કાઉન્સિલના આ બાબત પૂરતા ચેરમેન તરીકેનુ સ્થાન સોંપતા તેઓશ્રીએ કાર્યવાહી સંભાળેલ.

કુલસચિવશ્રી ડૉ. દશરથ જાદવ એક્ઝિક્યુટીવ કાઉન્સિલના નિયમિત સભ્ય સચિવની જગ્યાએ સંશોધન અધિકારીશ્રી ડૉ. કાર્તિક પંડ્યાએ એક્ઝિક્યુટીવ કાઉન્સિલના આ બાબત પૂરતા સભ્ય સચિવ તરીકે સ્થાન અને કાર્યવાહી સંભાળેલ.

(૫) ત્યારબાદ તે સર્વની ગેરહાજરીમાં અને બાકી રહેતા સભ્યોની હાજરીમાં ડૉ. રમેશચંદ્ર શુકલ અંગે તપાસ અધિકારીશ્રીના બંધ કવરમાં આવેલ ખાતાકીય તપાસ અહેવાલ બાબતની કાર્યવાહી હાથ પર લઈ સભ્ય સચિવશ્રીને જણાવતા તેઓએ બંધ કવર ખોલ્યુ અને ખાતાકીય

તપાસનો અહેવાલ સભા / સભ્યશ્રીઓ સમક્ષ વાંચ્યો. તે ધ્યાને લેતાં જણાય છે કે તપાસ અધિકારીશ્રીએ તેમના અહેવાલમાં ડૉ. રમેશચંદ્ર શુક્લ સામે મૂકવામાં આવેલ તમામ આક્ષેપ સાબિત થાય છે તેવુ "તારણ" આપેલ છે.

(૬) તપાસ સમિતિનો આ અહેવાલ જરુરિયાત મુજબ સભ્ય સચિવશ્રી પાસે વંચાવી તથા જે સભ્યશ્રીને જાતે જોવો અને વાંચવો હતો તેમને તે જોવા અને વાંચવા આપી તથા તેની સાથેનું રેકર્ડ જોવા અને વાંચવા આપી ઘટતો સમય આપી ચર્ચા કરવામાં આવી.

(૭) તપાસ સમિતિના અહેવાલ પરથી જણાય છે કે :-

(એ) એ હકીકત છે કે યુનિવર્સિટીમાં રાજ્ય સરકારના કર્મચારીઓ માટેના શિસ્ત અને અપીલ નિયમો - ૧૯૭૧ તથા રાજ્ય સરકારના કર્મચારીઓ માટેના વર્તણૂકના નિયમો - ૧૯૭૧, યુનિવર્સિટીમાં લાગુ પાડવામાં આવેલ છે. ખાતાકીય તપાસના અહેવાલના ક્લોઝ (૬)માં તપાસ સધિકારીશ્રીએ આ નિયમો હેઠળ કાર્યવાહી કર્યાનો ઉલ્લેખ પણ કરેલ છે. ક્લોઝ (૭) માં જણાય છે તે પ્રમાણે ડૉ. શુકલએ બચાવ કરવા કોઈ મિત્ર મદદનીશ કે ડિફેન્સ આસિસ્ટન્ટ રાખવા માંગણી કરેલ નહિ પરંતુ તેમણે જાતે જ તપાસ સમિતિ રુબરુ રજૂઆત કરેલ.

(બી) ખાતાકીય તપાસ અહેવાલના ક્લોઝ (૧૦) થી (૧૬) વિગેરે ધ્યાને લેતાં જણાય છે કે તપાસ અધિકારીશ્રીએ, આક્ષેપિત અધિકારી ડૉ. શુકલને કુદરતી ન્યાયના સિધ્ધાંત મુજબ તથા નિયમો મુજબ રજૂઆત અને બચાવની પૂરતી વ્યાજબી તક આપેલ અને સાક્ષી વિગેરેના નિવેદન નોંધેલ.

(સી) ખાતાકીય તપાસના અહેવાલના ક્લોઝ (૧૩) માં જણાય છે તે પ્રમાણે આક્ષેપિત અધિકારીએ તેમના નિવેદનમાં તેઓએ કરેલ આક્ષેપો માટે તેઓ માફી માંગે છે તથા સમાધાન કરવા માંગે છે તેમ જણાવેલાનુ જણાય છે. આક્ષેપિત અધિકારીનુ નિવેદન આંક - ૩ પાના નં. ૧૯૩ પર જણાય છે જે જોતાં હકીકત ક્લોઝ (૧૩) માં જણાવ્યા મુજબની જણાઈ છે. સાથે સાથે આક્ષેપિત અધિકારીએ માફી અને સમાધાન માટેનુ નિવેદન આપેલ હોવાથી વધુ દસ્તાવેજી પુરાવાની નકલ મેળવવા કે રેકર્ડ ઈન્સ્પેકશન કરવા કે દસ્તાવેજી પુરાવા રજૂ કરવા કે કોઈ સાક્ષીઓ રજૂ કરવા કોઈ રજૂઆત તેમણે આ નિવેદનમાં કરેલાનુ જણાતું નથી.

(ડી) ખાતાકીય તપાસના અહેવાલના ક્લોઝ (૧૪) પરથી જણાય છે કે આક્ષેપિત અધિકારીએ માફી અને સમાધાન અંગે લેખિતમાં નિવેદન આપેલ છતાં પણ તપાસ અધિકારીએ તપાસની કાર્યવાહી ચાલુ રાખેલ. આ ક્લોઝ પરથી જણાય છે કે યુનિવર્સિટી તરફે રજૂઆત અધિકારીશ્રીએ નીચેના ચાર સાક્ષીના સરતપાસ નિવેદન રજૂ કરેલ. જેમ કે :-

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી વેરાવળ

| અનુક્રમ નંબર | આંક નંબર | સાક્ષીનુ નામ | રેકર્ડ પાના નંબર |
|---|---|---|---|
| ૧ | ૪ | ડૉ. શત્રુઘ્ન પાણિગ્રહી | ૧૯૪ થી ૧૯૫ |
| ૨ | ૫ | પ્રાથમિક તપાસ સમિતિના સભ્ય (ડૉ. લલિતકુમાર પટેલ) | ૧૯૬ થી ૧૯૯ |
| ૩ | ૬ | ડૉ. દશરથ જાદવ, કુલસચિવ | ૨૦૦ થી ૨૦૨ |
| ૪ | ૭ | પ્રો. ડૉ. ગોપબંધુ મિશ્ર, મા. કુલપતિશ્રી | ૨૦૩ થી ૨૦૪ |

(ઈ) ખાતાકીય અહેવાલના ક્લોઝ (૧૫) પરથી જણાય છે તે પ્રમાણે યુનિવર્સિટીના આ ચાર સાક્ષીઓના નિવેદનોની નકલ બિડાણો સહિત આક્ષેપિત અધિકારીને આપેલ અને તપાસ અધિકારીશ્રીએ આક્ષેપિત અધિકારીને આ ચાર સાક્ષીઓની ઉલટ તપાસ કરવાની તક આપેલ પરંતુ આક્ષેપિત અધિકારીએ નિવેદન આપીને જણાવેલ કે તેઓ માફી અને સમાધાન કરવા ઇચ્છતા હોઈ સાક્ષીઓની ઉલટ તપાસ કરવા માંગતા નથી. આક્ષેપિત અધિકારીનુ આ નિવેદન આંક – ૮, પાના નં. – ૨૦૫ અને ૨૦૬ પર જણાય છે.

(એફ) ખાતાકીય અહેવાલના ક્લોઝ (૧૬) અને (૧૭) ધ્યાને લેતાં જણાય છે કે રજૂઆત અધિકારીશ્રીએ પુરાવો બંધ કર્યા બાદ, આક્ષેપિત અધિકારીએ સાક્ષીઓની ઉલટ તપાસ કરેલ ન હોવાથી તેમજ તેમણે માફી અને સમાધાન ની રજૂઆત કરેલ હોવાથી તેમનો પુરાવો બંધ થયાનુ અને તેમને કોઈ રજૂઆત કે આખરી બ્રિફ રજૂ કરવાની રહેતી નથી તેવુ ફલિત થાય છે તેમ માનેલ છે.

(જી) ખાતાકીય અહેવાલના ક્લોઝ (૧૮) થી (૨૭) માં જણાવ્યુ છે તે ધ્યાને લેતા જણાય છે કે તપાસ અધિકારીશ્રીએ રેકર્ડ પર રજૂ થયેલ પુરાવા ધ્યાને લઈ આક્ષેપિત અધિકારી સામેના આક્ષેપો તથા તેમની સામે આક્ષેપો કરવા બદલ કરાયેલ કાર્યવાહીનુ રેકર્ડ ધ્યાને લઈ ચર્ચા કરેલ છે અને ક્લોઝ (૨૮) થી (૩૨) માં પોતાનુ "તારણ" આપેલ છે.



શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી વેરાવળ

(૮) તપાસ અધિકારીશ્રીએ ખાતાકીય તપાસ અહેવાલના ક્લોઝ (૨૮) થી (૩૨) માં કરેલ ચર્ચા અને તપાસ રેકર્ડ ધ્યાને લીધા. આ સભા ખાતાકીય તપાસ અહેવાલના ક્લોઝ (૨૮) થી (૩૨) માં તપાસ અધિકારીશ્રીએ જણાવેલ તારણ સાથે સર્વાનુમતે સંમત થાય છે. તપાસ અધિકારીના અહેવાલ પરથી જણાય છે કે આક્ષેપિત અધિકારીએ મા. કુલપતિશ્રી પ્રો. ડૉ. ગોપબંધુ મિશ્ર, કુલ સચિવશ્રી દશરથ જાદવ તથા પ્રાથમિક તપાસ સમિતિના સભ્યશ્રી ડૉ. લલિતભાઈ પટેલ અને પૂર્વ ડીન ડૉ. શત્રુઘ્ન પાણિગ્રહી સામે પાયાવિહોણા – પુરાવા વગરના આક્ષેપો કરેલા તેવુ સાબિત થાય છે.

આ ઠરાવનું કદ વધી ન જાય તે અર્થે તથા જ્યારે ખાતાકીય તપાસ સમિતિનો અહેવાલ સ્વયં સ્પષ્ટ છે ત્યારે આ સભાના આ ઠરાવમાં તેમાં જણાવેલ હકીકતો – પુરાવા – નિવેદનો – તારણની લંબાણપૂર્વક ચર્ચા કરી અત્રે પુન: રજૂ કરેલ નથી પરંતુ તે ધ્યાને લઈ એવુ ઠરાવવામાં આવે છે કે "ખાતાકીય તપાસ સમિતિના અહેવાલ સાથે અત્રેની સભા સર્વાનુમતે સંમત છે".

(૯) આથી ઠરાવવામાં આવેછે કે ડૉ. શુક્લને ખાતાકીય તપાસ સમિતિના અહેવાલની નકલ સાથે પત્ર પાઠવી તેઓ તપાસ અહેવાલ અન્વયે કોઈ રજૂઆત કરવા માંગતા હોય તો પત્ર મળ્યા તારીખથી દિન – ૧૫માં લેખિત રજૂઆત કરવા જણાવવું અને સાથે સાથે એમ પણ જણાવવુ કે જો સમય મર્યાદામાં પત્રનો પ્રતિભાવ આપવામાં નહિ આવે તો તમો પત્ર બાબતે કોઈ રજૂઆત – ખુલાસો કરવા માંગતા નથી અને સમય વિત્યે એક્ઝિક્યુટીવ કાઉન્સિલ જે નિર્ણય લે તે તેમને મંજૂર છે તેમ ગણાશે જેથી કાર્યવાહીમાં કુદરતી ન્યાયના સિધ્ધાંતનું પાલન થાય.

સમય મર્યાદામાં તેમના દ્વારા આપેલ ખુલાસો મળ્યેથી તે સાથે અને જો સમય મર્યાદામાં કોઈ ખુલાસો કરવામાં ના આવેતો તે હકીકતના ઉલ્લેખ સાથે વિના વિલંબે, બાબત સમગ્ર રેકર્ડ સાથે, એક્ઝિક્યુટીવ કાઉન્સિલના ઘટતા નિર્ણય અર્થે એક્ઝિક્યુટીવ કાઉન્સિલ સમક્ષ રજૂ કરવી.

૭૬.૦૫ B.A.B.ED અંગેની યુનિવર્સીટી દ્વારા આપેલ ભરતીની જાહેરાતને બહાલી આપવા અંગે.

ઠરાવ : યુનિવર્સિટી દ્વારા સરકારમાંથી મંજૂર થયેલ શૈક્ષણિક વર્ષ ૨૦૨૧-૨૨ થી શરૂ થનાર B.A.B.ED ઈન્ટીગ્રેટેડ કોર્ષ માટે કમિટિ દ્વારા બનાવવામાં આવેલ નિયમોને ધ્યાને લઈ ૦૪ આસિસટન્ટ પ્રોફેસર(કાયમી) તથા ૦૩ આસિસટન્ટ પ્રોફેસર (વીઝીટીંગ) તથા ૦૧ ઓફિસ કમ એકાઉન્ટ આસિસ્ટન્ટ જે જાહેરાત આપવામાં આવેલ હતી સર્વે મહાનુભાવો દ્વારા સદર કરેલ કામગીરીને સર્વાનુમતે બહાલી આપવામાં આવેલ હતી. તેમજ ગુજરાત સરકાર, શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક -સસસ-૧૨૨૦-ન.બા.૩૪૮-ખર, તા.૨૮/૦૬/૨૦૨૧થી મંજૂર થયેલ ૦૧ લેબ આસીસટન્ટની જગ્યા તથા ૦૧ ટેકનીકલ આસીસ્ટન્ટની જગ્યા માટે માન.કુલપતિશ્રી દ્વારા ગઠિત કમિટિ દ્વારા તૈયાર કરવામાં આવેલ ભરતી

અંગેના નિયમોને સર્વાનુમને ગ્રાહ્ય રાખવામાં આવ્યા તેમજ સદર બંને જગ્યાઓ (૦૧ લેબ આસીસટન્ટની જગ્યા તથા ૦૧ ટેકનીકલ આસીસ્ટન્ટની જગ્યા) માટે કચેરી અધિક્ષકની ભરતી વખતે જે વયમર્યાદામાં છૂટ-છાટ આપવામાં આવેલ હતી તે આ બંને પોસ્ટની ભરતી પ્રક્રિયામાં આપવી અને તેમજ વર્ગ-૩ની હવે પછી થનાર ભરતી પ્રક્રિયા માટે આ નિયમ લાગું પાડવો તેમ ઠરાવવામાં આવ્યું હતું.

૭૬.૦૬ ચાલુ વર્ષે મંજૂર થયેલ શૈક્ષણિક જગ્યાઓને વિભાગ વાઈઝ ફાળવવા અંગે.

ઠરાવ : ચાલુ શૈક્ષણિક વર્ષ ૨૦૨૧-૨૨ દરમિયાન ગુજરાત સરકાર, શિક્ષણ વિભાગના પત્રક્રમાંક સસસ-૧૨૨૦-ન.બા.૩૪૭-ખર, તા.૦૨/૦૬/૨૦૨૧ થી મંજૂર થયેલ ૦૯ શૈક્ષણિક જગ્યાઓ જે પૈકી ૦૧ પ્રોફેસર, એસો.પ્રોફેસર ૦૪ તથા આસીસટન્ટ પ્રોફેસર ૦૪ ની વિભાગ વાઈઝ ફાળવણી બાબતે તા.૦૫/૦૭/૨૦૨૧ના રોજ માન.કુલપતીશ્રી કાર્યાલય ખાતે તમામ ડીનશ્રીઓની બેઠકમાં થયેલ નિર્ણય લેવામાં આવેલ તેને સર્વે મહાનુભાવો દ્વારા સર્વાનુમતે બહાલી આપવામાં આવેલ તેમજ આગળની કાર્યવાહી કરવાનું ઠરાવવામાં આવેલ. ડીનશ્રીઓની બેઠકમાં મંજૂર થયેલ તથા સર્વે મહાનુભાવો દ્વારા બહાલી આપેલ શૈક્ષણિક જગ્યાઓની વિભાગવાઈઝ ફાળવણીનું પત્રક નીચે મુજબ છે.

| ક્રમ | પોસ્ટનું નામ | વેદ | વ્યાકરણ | સાહિત્ય | જયોતીષ | પુરાણ |
|---|---|---|---|---|---|---|
| ૧ | પ્રોફેસર | | | | ૦૧ | |
| ૨ | એસોસીએટ પ્રોફેસર | ૦૧ | ૦૧ | | ૦૧ | ૦૧ |
| ૩ | આસીસ્ટન્ટ પ્રોફેસર | ૦૧ | ૦૧ | ૦૧ | | ૦૧ |

૭૬.૦૭ ફેસિલીટેશન સેન્ટર અંગે મળેલ ગ્રાન્ટ અન્વયે સેન્ટર ઊભું કરવા અંગે.

ઠરાવ : શૈક્ષણિક વર્ષ ૨૦૨૧-૨૨ના અંદાજપત્રમાં ગુજરાત સરકાર, શિક્ષણ વિભાગના પત્ર ક્રમાંક બજટ-૧૨૨૦-ન.બા.૩૪૧-ખર તા.૦૨/૦૩/૨૦૨૧ થી ૦૧ રીસર્ચ એડવાઈઝર – ફેસીલીટેટર તથા ૦૧ સ્ટેટીસ્ટીકલ એનાલીસ્ટ ની જે જગ્યા મંજૂર કરવામાં આવેલ છે તે બાબતે તા.૦૯/૦૭/૨૦૨૧નાં રોજ ફેસિલીટેશન સેન્ટર કાર્યાન્વિત કરવા માટે માન.કુલપતીશ્રીની અધ્યક્ષતામાં યોજાયેલ મીટીંગમાં

લેવાયેલ નિર્ણય અને કાર્યનોંધને બહાલી આપવામાં આવી. તે મુજબ સત્વરે જગ્યાઓ ભરવી જેથી વિદ્યાર્થીઓને તેનો મહત્તમ લાભ મળે તેમ સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

૭૬.૦૮ મહાનુભાવોના સૂચનો.

- શ્રી જીતેન્દ્રભાઈ બ્રહ્મભટ્ટ દ્વારા એક્ઝીક્યુટીવ કાઉન્સીલ તથા એકેડેમીક કાઉન્સીલના સભ્યશ્રીઓના સીટીંગ અલાઉન્સીસ હાલ મળે છે તેમાં વધારો કરવાનું સૂચન કરતા આ બાબતે સર્વે મહાનુભાવો દ્વારા ચર્ચા-વિચારણા કરી અંતે ઠરાવવામાં આવ્યું કે, અન્ય યુનિવર્સિટીમાં સત્તામંડળના સભ્યશ્રીઓને કેટલું સીટીંગ એલાઉન્સીસ આપવામાં આવે છે તેની તપાસ કરી સદર બાબત આગામી ફાયનાન્સ કમિટીમાં રજૂ કરી ત્યારબાદ એકેઝીક્યુટીવ કાઉન્સીલમાં રાખવી તેમ નિર્ણય કરવામાં આવ્યો.
- સત્તામંડળના મહાનુભાવોને ટ્રાવેલીંગ અલાઉન્સીલમાં ગાડીનું ભાડું હાલ જે ચૂકવવામાં આવે છે તે ઓછું છે તેમ જણાવતા, કુલસચિવ દ્વારા જણાવવામાં આવેલ કે, હાલ સરકારશ્રીના ધારા-ધોરણો પ્રમાણે ટ્રાવેલીંગ અલાઉન્સીસ ચૂકવવામાં આવે છે ત્યારે આ બાબતે આગામી ફાયનાન્સ કમિટીમાં રજૂ કરી ત્યારબાદ એકેઝીક્યુટીવ કાઉન્સીલમાં રાખવી તેમ નિર્ણય કરવામાં આવ્યો.
- યુનિવર્સિટીની એલ.આઈ.સી કરવા જતા મહાનુભાવોના પુરસ્કારમાં વધારો કરવા બાબતે સૂચન કરતા સદર બાબતે ચર્ચા વિચારણાને અંતે સંસ્થા પાસેથી એલ.આઈ.સી કરવાની જે ફી લેવામાં આવે છે તેમાં પણ વધારો કરવો પડે કારણકે, મહાનુભાવોને પુરસ્કાર સંસ્થા પાસેથી જે એલ.આઈ.સી ની ફી લેવામાં આવે છે તેમાંથી ચૂકવવામાં આવે છે સદર બાબતે આગામી ફાયનાન્સ કમિટિમાં એજન્ડા તરીકે તમામ વિગતો સાથે રજૂ કરી એકઝીક્યુટીવ કાઉન્સીલમાં મૂકવી તેમ નિર્ણય કરવામાં આવ્યો.
- યુનિવર્સિટીના સત્તામંડળના સભ્યશ્રીઓને આઈકાર્ડ આપવું જોઈએ તેવું શ્રી જીતેન્દ્રભાઈ બ્રહ્મભટ્ટ દ્વારા સૂચન કરવામાં આવતા સદર બાબતે ચર્ચા વિચારણાને અંતે યુનિવર્સિટીના તમામ સત્તામંડળના સભ્યશ્રીઓને ફોટાવાળું આઈકાર્ડ આપવું તથા આઈકાર્ડમાં તેમની સમયાવધિ તથા તેમનો હોદ્દો દર્શાવવો તથા સમયાવધિ પૂર્ણ થતા આઈકાર્ડ યુનિવર્સિટીમાં જમા કરાવવાનું રહેશે તેમ સર્વાનુમતે નિર્ણય લેવામાં આવ્યો.
- શ્રી જીતેન્દ્રભાઈ બ્રહ્મભટ્ટ દ્વારા સૂચન કરવામાં આવ્યું કે,THE SHREE SOMNATH SANSKRIT UNIVERSITY ACT, 2005, GUJARAT ACT NO.25 OF 2005 કે જે હાલ અંગ્રેજીમાં છે તેનું ગુજરાતીમાં ભાષાંતર કરાવવું જે નિર્ણયને સર્વાનુમતે અનુમોદન આપવામાં આવેલ હતું.

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી વેરાવળ

- મહાનુભાવો દ્વારા એકેડેમિક અને એક્ઝીક્યુટીવ કાઉન્સીલની કમિટિની બેઠકની જાણ ઓછામાં ઓછા ૧૫ દિવસ અગાઉ કરવામાં આવે તથા ઓછામાં ઓછા ૦૭ દિવસ પહેલા એજન્ડા સંબંધિત તમામ આધારો ઈ-મેઈલના માધ્યમથી મહાનુભાવોને મોકલી આપવામાં આવે જેથી બેઠક વખતે ચર્ચા-વિચારણા કરવામાં સાનુકૂળતા રહે તેમજ સદર બાબતે માન.કુલપતીશ્રી દ્વારા જણાવવામાં આવેલ કે, મહાનુભાવો દ્વારા પણ બેઠકમાં કોઈ બાબત ચર્ચા-વિચારણા માટે મૂકવી હોય તેમજ કોઈ પણ સૂચનો હોય તો તે ૦૭ દિવસ અગાઉ યુનિવર્સિટીને મોકલી આપવામાં આવે જેથી સદર બાબતે યુનિવર્સિટી તમામ પાસાઓ પર વિચારી બેઠક વખતે તેના પર તંદુરસ્ત ચર્ચા કરી નિર્ણય કરી શકાય જે બાબતને સર્વે મહાનુભાવો દ્વારા આવકારવામાં આવી હતી અને તે મુજબ આગળની કાર્યવાહી કરવા ઠરાવવામાં આવ્યું.

૭૬.૦૯ અધ્યક્ષ સ્થાને રજૂ થાય તે..

- માન.કુલપતીશ્રી દ્વારા B.A.B.ED ઈન્ટીગ્રેટેડ કોર્ષ અંતર્ગત જે ૦૧ ઓફીસ કમ એકાઉન્ટ આસિસ્ટન્ટની જાહેરાત અન્વયે યુનિવર્સિટીના કર્મચારીશ્રીઓ સદર જગ્યા માટે ઉમેદવારી નોંધાવવા માંગે છે પરંતુ વય મર્યાદાને કારણે નોંધાવી ન શકતા હોવાની રજૂઆત કરતા તમામ સભ્યશ્રીઓ દ્વારા ચર્ચા-વિચારણાને અંતે હાલ જે નિયમોને ધ્યાને લઈ જાહેરાત આપવામાં આવેલ છે તે યથાવત રાખવામાં આવે તથા આગામી તમામ જાહેરાતમાં યુનિવર્સિટીમાં કાયમી ફરજ બજાવતા તમામ કર્મચારીશ્રીઓને વર્યમર્યાદાનું બંધન લાગું પડશે નહીં તેમ સર્વાનુમતે નક્કી કરવામાં આવ્યું.

બેઠકને અંતે કુલસચિવ દ્વારા તમામ મહાનુભાવશ્રીઓનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો તથા બેઠકને પૂર્ણ જાહેર કરવામાં આવી હતી.

(ડૉ.દશરથ જાદવ)
કુલસચિવ

વેરાવળ